**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૩૬ ટકા

# લાભપાંચમ : આજથી શહેરના બજારો ધમધમશે

આજથી શહેરમાં બજારો ધમધમશે. નૂતન વર્ષ પછી પંચમીથી મિનિ વેકેશન બાદ બજારો ધમધમી ઉઠશે.



લાભપાંચમ એ વેપાર-વ્યવસાયનો પહેલો દિવસ ગણાય છે. લાભપાંચમ નિમિત્તે આજથી શહેરમાં રાબેતામુજબ કામગીરી શરૂ કરવામાં આવશે. સૌભાગ્ય

વિક્રમ સંવત-૨૦૭૮ની કારતક સુદ પાંચમને લાભપાંચમ તરીકે ઓળખવામાં આવે છે. લાભપાંચમ લક્ષ્મીકૃપા માટે અને વેપારવૃદ્ધિ માટે સર્વોત્તમ ગણાય છે. આ પંચમીને સૌભાગ્ય પંચમી, શ્રીપંચમી, જ્ઞાનપંચમી તરીકે પણ ઓળખવામાં આવે છે. આજથી મિનિ વેકેશન બાદ મુહૂર્ત થશે અને બજારો ધમધમી ઉઠશે. આજના દિવસની વિશેષ માન્યતા છે. દિવાળી પછી આવતી આ પંચમીએ જો કોઈ નવો વેપાર કે મુહૂર્ત કરવામાં આવને તો તેમાં લાભ જ લાભ થાય છે. તેથી વેપારીઓ આજના દિવસે પોતાના ચોપડાની સાથે સાથે ભગવાન ગણેશની પણ પૂજા કરે છે. જેથી કરીને તેમને માટે આ નવું વર્ષ લાભદાયી નીવડે. દિવાળીના તહેવાર પછી વેપારીઓ આજના દિવસે કામની શરૂઆત કરે છે. નવા વહી ખાતા શરૂ કરે છે. તેમાં સૌ પ્રથમ કુમકુમથી ડાબી બાજુ શુભ અને જમણી બાજુ લાભ લખવામાં આવે છે. વચ્ચે સાથીયો બનાવાય છે. જેઓ દિવાળીના દિવસે શારદાપૂજન નથી કરી શકતા તેઓ પોતાની દુકાનોમાં કે સંસ્થાઓ ખોલીને આજના શુભ મુહૂર્તમાં પૂજન કરે છે. લગ્ન અને માંગલિક કાર્યો માટે આજનો દિવસ ખૂબ જ શુભ ગણાય છે.

**લાભ પાંચમનું શ્રેષ્ઠ મુહૂર્ત**
સવારે ૦૯.૩૨ થી ૦૧.૪૭
બપોરે ૦૩.૧૨ થી ૦૪.૩૭
સાંજે ૦૭.૩૭ થી ૦૯.૧૨
રાત્રે ૧૦.૪૭ થી ૦૩.૩૩

**● લાભ પાંચમનું મહત્વ**

આજનો દિવસ સૌભાગ્ય અને લાભ સાથે જોડાયેલો છે. આ દિવસે નવો વેપાર-ધંધો શરૂ કરવો લાભકારી માનવામાં આવે છે. નવા સાધનોની ખરીદી પણ શુભ માનવામાં આવે છે. સૌભાગ્યનો અર્થ સારૂ ભાગ્ય અને લાભનો મતલબ છે સારો ફાયદો તેથી આ દિવસને ભાગ્ય અને સારા લાભનો દિવસ માનવામાં આવે છે. આ દિવસે પૂજા કરવાથી જીવન વ્યવસાય અને પરિવારમાં લાભ, સારૂ ભાગ્ય અને ઉન્નતિ આવે છે. લાભ પાંચમનો આખો દિવસ શ્રેષ્ઠ હોય છે. તેથી લાભ પાંચમમાં સૌથી વધારો નવી નવી ચીજવસ્તુઓની ખરીદી કરામાં આવે છે. અને સત્કાર્યો કરવામાં આવે છે. આજથી ધંધો શરૂ કરવાથી આખું વર્ષ સારૂ નીવડે છે તેવી માન્યતાઓ છે.



લાભપાંચમના દિવસે સૌથી વધારે ઈલેક્ટ્રોનિક્સ-વાહનોની દુકાનોવાળાઓને નફો થાય છે.

લાભ પાંચમથી દેવોની દિવાળી દેવ દિવાળીના સત્રની પણ શરૂઆત થાય છે. લાભ પાંચમના એકાંક્ષી શ્રીફળનું ખાસ મહત્વ છે. આ પવિત્ર દિવસે ઘર કે વ્યવસાયના સ્થળના ઉંબરા ઉપર 'શુભ' અને 'લાભ' લખીને સ્વસ્તિકનું ચિહ્ન કરવામાં આવે છે. લાભ પાંચમે શ્રીસુક્તનો પાઠ કરવાનો મહિમા છે. હિન્દુ અને જૈન આ બંને ધર્મની પરંપરાઓમાં લાભપાંચમને અધિષ્ઠાત્રી દેવી શારદા મનાય છે. વૈદિક ધર્મની લાભ પાંચમ જૈન ધર્મમાં જ્ઞાન પંચમી બની રહે છે. જ્ઞાન પંચમીની દેવી સરસ્વતી છે. જ્ઞાનની ઉપાસના, જ્ઞાનના સંવર્ધન અને જ્ઞાનના દાન માટે જ્ઞાન પંચમીનો તહેવાર છે. આ દિવસે જૈન ધર્મના ગણધરોએ સંકલિત કરેલા આગમ ગ્રંથોનું વાંચન-શ્રવણ-લેખન થાય છે.



## સીએનજીના ભાવમાં ઘટાડો કરવાની રીક્ષાચાલકોની માંગ

સીએનજીના ભાવમાં ઘટાડો કરવાની માંગ રીક્ષાચાલકો દ્વારા કરવામાં આવી છે. સતત છેલ્લા ઘણા સમયથી પેટ્રોલ ડિઝલ અને સીએનજીના ભાવમાં વધારો થયો છે જેથી દરેક સામાન્ય નાગરિકોને મુશ્કેલી વેઠવી પડી રહી છે. દિવાળીના સમયે પેટ્રોલ-ડીઝલના ભાવમાં સરકાર દ્વારા ઘટાડો કરવામાં આવ્યો છે. પણ સીએનજીના ભાવમાં કાંઈ પણ ઘટાડો સરકારે કર્યો નથી. રીક્ષાચાલકો જે રોજેરોજ પોતાની રોજી ચલાવતા હોય છે તે પોતાનું ઘર ખર્ચ અને જેમણે બેંક લોન ઉપર રીક્ષા લીધી છે તે પ્રીમીયમ કે હપ્તો પણ ભરી શકતા નથી અને બેંક દ્વારા પેનલ્ટી નાખીને વધારે ચાર્જ લેવામાં આવે છે. ગ્રાહકો સાથે ઝઘડા પણ થાય છે તેથી રીક્ષાચલકો દ્વારા સરકારને વિનંતી કરવામાં આવે છે કે સીએનજીના ભાવમાં પણ ઘટાડો કરવામાં આવે.

# દિવાળી પર્વોમાં પાટનગર બન્યું હતું સુમસામ..!!

### સોમવારથી સરકારી કચેરીઓ શરૂ થતાં ચહલપહલ વધી પરંતુ બજારોમાં વ્યાપેલો સુનકાર સાતમથી જ પૂરો થશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળીના તહેવાર સાથે નૂતન વર્ષના પ્રારંભે રજાઓના દિવસોમાં શહેરમાં સુનકાર છવાયો હતો. શહેરમાં મોટા ભાગના પરિવારો તહેવારની રજાઓના દિવસોમાં બહારગામ ફરવા અથવા વતનમાં ઉત્સવ ઉજવવા પ્રયાણ કરી રહ્યાં હોવાથી ત્રણેક દિવસથી શહેર જાણે ખાલી ખમ ભાસી રહ્યું છે. આજે સોમવારથી શરૂ થયેલી સરકારી કચેરીઓના પગલે ચહલવહલ જોવા મળી પરંતુ બજારોમાં વ્યાપેલો સુનકાર સાતમથી જ પુરો થશે તેવું જણાઈ રહ્યું છે.

પાટનગર 'કર્મચારી નગર' હોવાને કારણે રાજ્યના દરેક ભાગમાંથી સરકારી નોકરીના કારણે આવીને અહીં વસેલા પરિવારોની સંખ્યા મોટી છે. આ ઉપરાંત છેલ્લાં કેટલાંક વર્ષોમાં ગાંધીનગરનો શૈક્ષણિક નગરી તરીકે વિકાસ થતાં આસપાસના તમામ જિલ્લામાંથી પણ અસંખ્ય પરિવારો તેમના સંતાનોના અભ્યાસ અર્થે અહીં આવીને વસ્યાં છે જેના કારણે દિવાળી-નૂતન વર્ષના તહેવારની રજાઓમાં શહેરના મોટાભાગના પરિવારો પોતાના વતનમાં ઉત્સવ ઉજવવા જતા રહે છે. વળી છેલ્લાં કેટલાંક વર્ષોથી દિવાળીની રજાઓમાં 'બહારગામ' ફરકવા જવાની ફેશન પણ વધી જવાને કારણે અસંખ્ય પરિવારો શહેરની બહાર હોય છે. આ સ્થિતિમાં દિવાળીના તહેવારની રજાઓમાં શહેર સુમસાન બની જતું હોય છે જે સ્થિતિ આ વર્ષે પણ આ સ્થિતિ જોવા મળી હતી. છેલ્લાં ત્રણેક દિવસથી પાટનગરના રાજમાર્ગો પર ટ્રાફિકની હલચલ ખૂબ પાંખી જોવા મળી હતી અને શહેરના સેક્ટરોના ચોકઠાંઓથી માંડીને સોસાયટીઓ અને નવા વિસ્તારોના ફ્લેટ-એપાર્ટમેન્ટ સહિત તમામ સ્થળે ખાલીપો સ્પષ્ટ વર્તાતો હતો.

**જન્મદિને વધામણી**



**એડવોકેટ વિરેન્દ્રસિંહ ગોહિલ**
આમ આદમી પાર્ટી, ગાંધીનગર
મો.૦૯૭૩૭૪ ૩૯૧૯૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

## સે.૭-ડી ખાતે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર શહેરીજન સંસ્થા સેક્ટર-૭-ડી અને ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સેક્ટર-૭-ડી ના સંયુક્ત ઉપક્રમે નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નૂતન વર્ષના નવલા સોનેરી પ્રભાતે ભક્તિભાવપૂર્વક સાક્ષાત સૂર્યની પૂજા-વંદના ડૉ. ભાલચંદ્ર ઠાકર દ્વારા મંત્રોચ્ચાર સાથે કરી હતી. આ કાર્યક્રમમાં પ્રમુખ સુમંતભાઈ શાહે સર્વેને આશીર્વાદનું આદાન-પ્રદાન કરી શુભેચ્છાઓ વ્યક્ત કરી શુભકામનાઓ આપી હતી. ઉપરાંત કોરોનાકાળમાં શહેરીજન સંસ્થા પરિવારના સેક્ટર-૭-ડીના ૨૧ દિવંગતોને મૌન પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ આપી હતી.

## ૧૮-૧૯-૨૦ નવેમ્બરના રોજ રાજ્યભરમાં વણથંભી વિકાસ યાત્રાનું આયોજન

ગાંધીનગર, તા. ૮

આગામી ૧૮, ૧૯, ૨૦ નવેમ્બરના રોજ રાજ્યભરમાં વણથંભી વિકાસયાત્રા યોજવામાં આવશે.

વણથંભી વિકાસયાત્રાનું આયોજન આખરી કરવામાં આવી રહ્યું છે અને હવે પછી રાજ્યમંત્રી મંડળની બેઠકમાં આ યાત્રાને લઈ રાજ્ય મંત્રીમંડળના સભ્યોને રૂટ અને જિલ્લાઓની ફાળવણી કરી દેવામાં આવશે.

સચિવાલય સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યાનુસાર રાજ્યના દરેક જિલ્લામાં થયેલા કામોનું લોકાર્પણ, નવા કામોનું ખાત મુહૂર્ત કરવા સાથે ગ્રામીણ વિસ્તારના વિકાસ માટે સરકારે તૈયાર કરેલ રોડમેપની જાણકારી સભાઓ યોજી આપવામાં આવશે.

રાજ્યના પંચાયત વિભાગ દ્વારા આ વિકાસયાત્રાનું સંકલન કરવામાં આવનાર છે. આ યાત્રાના આયોજનની તડામાર તૈયારીઓ હાલ ચાલી રહી છે. રાજ્ય સરકારે દિપાવલી પર્વ પહેલાં જ આ યાત્રાના આયોજન સંદર્ભે દરેક વિભાગો પાસેથી નાની-નાની વિગતો પણ એકત્ર કરી છે.

૧૫મા નાણાંપંચના કામો તેમજ જિલ્લા આયોજન મંડળના જે વિકાસ કામો પૂર્ણ થયા છે તેનુ લોકાર્પણ કરવા ઉપરાંત નવા કામોનું મુહૂર્ત પણ કરવામાં આવશે. સામાન્યતઃ દેવ દિવાળી પછી કામો શરૂ થઈ જતા હોય છે અને સરકારે આ તક ઝડપી લઈ લોકો સુધી પહોંચવાના અભિગમ સાથે વણથંભી વિકાસયાત્રાનું આયોજન કર્યુ છે.

## શહેરના જાણિતા કવિ ધ્વનિલ પારેખની આંતરરાષ્ટ્રીય સાહિત્ય મહોત્સવ માટે પસંદગી

આસામ ખાતે યોજાનારા આંતરરાષ્ટ્રીય સાહિત્ય મહોત્સવ માટે ધ્વનિલ પારેખની પસંદગી કરાઈ છે. આસામના કોકરાઝાર ખાતે ૧૪ થી ૧૬ તારીખે આંતરરાષ્ટ્રીય સાહિત્ય મહોત્સવનું આયોજન બોડોલેન્ડ ટેરીટરી દ્વારા કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં વિશ્વના ૧૦૦ ભાષાના સર્જકોને નિમંત્રણ આપવામાં આવ્યું છે. શહેરના યુવા કવિ, નાટ્યકાર, ગુજરાત વિદ્યાપીઠ ખાતે ગુજરાતી વિષયના અધ્યાપક ધ્વનિલ પારેખની આ મહોત્સવ માટે પસંદગી કરવામાં આવી છે. જેઓ આ મહોત્સવમાં વિશ્વની જુદી જુદી ભાષાના સર્જકો સામે મૂળ ગુજરાતીમાં અને એની અનુવાદિત રચનાઓ રજૂ કરશે. જે ગુજરાત અને સમગ્ર ગુજરાતી ભાષા માટે ગૌરવની ઘટના છે.

## સાહિત્યસભાની 'શબ્દ-સૂર'ની પાંચમ સાથે ઉજવાશે અનોખી લાભપાંચમ..!

ગુજરાત સાહિત્ય અકાદમી, વરેણ્યમ ફાઉન્ડેશન અને ગાંધીનગર સાહિત્યસભાના સંયુક્ત ઉપક્રમે લાભપાંચમ તા.૦૯/૧૧/૨૦૨૧, મંગળવારના રોજ સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ, સેક્ટર ૧૭ ખાતે એક સુંદર કાર્યક્રમનું આયોજન ગાંધીનગરના સાહિત્ય રસીક નાગરીકો માટે કરવામાં આવ્યું છે. સાંજે ૬.૩૦ થી ૮.૩૦ દરમ્યાન યોજાનાર આ જાહેર કાર્યક્રમમાં સર્વે ભાવકો અને રસિકોને આ ત્રણેય સંસ્થાઓ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામા આવેલ છે.

'શબ્દ-સૂરની પાંચમ' શીર્ષક હેઠળ પ્રસિદ્ધ સ્વરકાર, ગાયક બીરેન પુરોહિત ગાંધીનગરના કવિઓની રચનાઓ અને તેના સ્વરાંકનની વાત કરશે તો જાણીતા કવિઓ પ્રતાપસિંહ ડાભી 'હાકલ', કલ્પેશ પટેલ અને શ્રી રમણભાઈ વાઘેલા કવ્યપઠન કરશે. આ પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીનાં અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યા અને મહામાત્ર ડો. જયેન્દ્રસિંહ ખાસ ઉપસ્થિત રહેશે અને પ્રેરક ઉદબોધન કરશે.

કાવ્યથી સ્વરાંકન અને ત્યાર બાદ ગાયનની પ્રસ્તુતિ એ એક આખી પ્રક્રિયા છે જે કવિનાં શબ્દો અને પ્રસ્તુતિ વેળાનાં સંગીત વચ્ચે થાય છે. કાવ્ય લખતી વખતે જે ભાવ નિરૂપણ કરાયો છે તેને એક સુંદર અને લોકભોગ્ય સ્વરાંકન સુદ્રઢ કરે છે. તો ગાયક વધારે સારી રીતે એ ભાવને ભાવકનાં મન અને હદય સુધી પહોચાડે છે. આ સમગ્ર વાતને કવિ અને સ્વરકાર સાથે રહીને રજૂ કરે તેવો હેતુ આ કાર્યક્રમનો છે. આ અનોખા કાર્યક્રમનું સંચાલન વરેણ્યમ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી જીગર રાણા દ્વારા કરવામાં આવશે.

સાથે જ જેમ બીજા કાર્યો લાભ પાંચમનાં શુભ દિવસે શરૂ થતાં હોય તેમ શબ્દ અને સૂરની સાધના આ વણજોયા શુભ મહુરતે થાય, કલાકારોનું એક સ્નેહમિલન યોજાય તેવી ભાવના આ કાર્યક્રમનાં આયોજન પાછળ છે. સમગ્ર કાર્યક્રમની પરિકલ્પના વરેણ્યમ ફાઉન્ડેશનનાં મેનેજિંગ ટ્રસ્ટી જીગર રાણા દ્વારા કરવામાં આવી છે જ્યારે ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત અને અન્ય સભ્યો દ્વારા સક્રિય આયોજન સહયોગ પૂરો પાડવામાં આવી રહ્યો છે. ગાંધીનગર સાહિત્યસભાના સભ્યો અને સાહિત્ય પ્રેમીઓને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

## રંગતાલ ગ્રુપ રાંધેજા દ્વારા રંગોળી સ્પર્ધા યોજાઈ




ગાંધીનગર તા. ૮

દિવાળી પર્વ નિમિત્તો રાંધેજા ગામ તેમજ આજુબાજુની સોસાયટીઓ માટે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે ગાંધીનગર ઈન્દુમતિ ફાઉન્ડેશનના સાથ અને માર્ગદર્શન હેઠળ રંગતાળ ગ્રુપ રાંધેજા દ્વારા સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મોટા પ્રમાણમાં સ્પર્ધકોએ ભાગ લઈ ઘર આંગણે રંગોળી તૈયાર કરી હતી. રંગતાલ ગ્રુપ દ્વારા પ્રથમ ૧૦ સુંદર રંગોળી સ્પર્ધકોનો ઈનામ આપવામાં આવ્યા હતા.

## સેકટર-૩ ન્યૂ શિવશક્તિ મંદિરે અન્નકૂટ ધરાવાયા





ગાંધીનગર, તા. ૮

સેકટર-૩ ન્યૂ શિવશક્તિ મંદિર ખાતે મા અંબેના અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવાળીના દિવસે માં અંબેને અન્નકૂટ ધરાવાયા હતા. આ આયોજનમાં અન્નકૂટના દાતા વિષ્ણુભાઈ પટેલનો સહયોગ રહ્યો હતો. શિવશક્તિ સેવા ટ્રસ્ટ દ્વારા વસાહતી ભાઈ-બહેનો માટે બેસતા વર્ષે નૂતન વર્ષાભિનંદન સ્નેહમિલન રાખી શુભેચ્છા પાઠવી હતી.



દિવાળી પર્વ નિમિત્તે સુંદર સુંદર રંગોળી તૈયાર કરવામાં આવી હતી. જેમાં સેકટર-૨૭ના ઊર્મિ વાજા દ્વારા સરસ્વતી વંદનની સુંદર રંગોળી તૈયાર કરવામાં આવી હતી.



વાવોલ ખાતે કાલી ચૌદશના દિવસે મહાકાલી માનો ગરબો વળાવાયો હતો. દર વર્ષે કાળી ચૌદસના દિવસે મહાકાલી માનો ગરબો માનવાનો વારસાગત રીતિ રિવાજ છે. જેથી દિવાળીના દિવસે મહાકાલી માનો ગરબો આ વર્ષે વળાવવામાં આવ્યો હતો.

## ચિરવિદાય

- સ્વ.ઠાકોર ગજીબેન માંનાજી, ઉ.વ.૧૧૦, ચાંદીસણા, માણસા
- સ્વ.નાડિયા શંકરભાઈ મગનભાઈ, ઉ.વ.૬૨, વાવોલ
- સ્વ.ઠાકર કૈલાશબેન રાજેશકુમાર, ઉ.વ.૬૫, સેકટર-૫
- સ્વ.પુરબીયા દિપક રામજીભાઈ, ઉ.વ.૩૦, સેકટર-૨૦, છાપરા
- સ્વ.ઠાકોર મણાજી પ્રતાપજી, ઉ.વ.૫૪, મહુન્દ્રા
- સ્વ.સેવક રમેશચંદ્ર મનસુખરામ, ઉ.વ. ૬૬, સેકટર-૪
- સ્વ.મારવાડી મરઘાબેન અરજનદી, ઉ.વ.૮૦, દશેલા
- સ્વ.લુહાર શબાબેન, બચુભાઈ, ઉ.વ.૧૦૦, ચિલોડા